# Akila

## Daiwik Hotels to open its 3rd specialty pilgrimage property in Dwarka, G

**Date: 26/01/2013 | Edition: Ahmedabad | Page: 4 | Source: Bureau | Clip size (cm): W: 10 H: 11**

India Media Monitor

**Clip: 1 of 1**

### દૈવિક હોસ્ટેલ્સે ગ્રેસિયસ હોસ્પિટાલિટી પ્રા.લિ.ની રચના માટે શ્રી પબુભા માણેક પરિવાર સાથે હાથ મિલાવ્યા

ભારતની સૌપ્રથમ ફોર-સ્ટાર પીલગ્રીમ હોટેલ્સ ચેઈન દૈવિક હોટેલ્સે દ્વારકાના અગ્રણી ઉદ્યોગ જૂથ શ્રી પબુભા માણેક પરિવાર સાથે સંયકત સાહસ શરૂ કર્યું છે. ગ્રેસિયસ હોસ્પિટાલિટી પ્રા.લિ.ના નામ હેઠળ સંચાલિત આ સંયુકત સાહસ દ્વારકામાં સૌપ્રથમ મિલ્કતની સ્થાપના સાથે ગુજરાતમાં પીલગ્રીમેજ હોસ્પિટાલિટીનો અજોડ કન્સેપ્ટ રજૂ કરશે. સૂચિત દૈવિક હોટેલ્સ દ્વારકા હોટેલ અંદાજિત રૂા. ૪૫ કરોડના પ્રારંભીક રોકાણ સાથે એક ગ્રીન ફિલ્ડ પ્રોજેકટ હશે અને તે વર્ષ ૨૦૧૫ સુધીમાં કાર્યાન્વિત થશે. ગુજરાતમાં હોસ્પિટાલિટી ક્ષેત્રે આ પ્રકારનું સૌપ્રથમ સાહસ શરૂ થયું છે, જે માત્ર રાજયમાં યાત્રાધામોના પ્રવાસીઓને સુવિધા અને સાનુકુળતા પૂરી પાડવા કટિબદ્ધ છે. દ્વારકામાં વાર્ષિક સરેરાશ ૫૦ લાખ લોકો ભગવાન કૃષ્ણના દર્શન કરે છે. રાજયમાં લોકપ્રિય યાત્રાધામોમાં પ્રવાસીઓ પર ધ્યાન કેન્દ્રીત કરતા હોસ્પિટલિટી બ્રાન્ડ સોમનાથ અને અંબાજી જેવા અન્ય સ્થળોમાં પણ વિસ્તરણની યોજના ધરાવે છે. હોસ્પિટાલિટી બ્રાન્ડનો સૌપ્રથમ પ્રોજેકટ દૈવિક હોસ્ટેલ્સ તામિલનાડુમાં રામેશ્વરમ્ ખાતે કાર્યાન્વિત થઈ ગયો છે અને આંધ્ર પ્રદેશના તિરૂપતિ ખાતે તેમનો ફલેગશિપ પ્રોજેકટ શરૂ થશે.

આ સંયુકત સાહસ અને બ્રાન્ડ અંગે તેમના વિચારો અને દૈવિક હોટેલ્સ પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેકટર અને સીઈઓ શ્રી દેબાશિષ ઘોસાલે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં પવિત્ર યાત્રાધામોમાં ઉચ્ચગુણવત્તાયુકત બ્રાન્ડેડ પ્રોડકટ્સ માટે તીવ્ર માગ અને પુરવઠા વચ્ચે વ્યાપક અંતર હોવાને કારણે અમે પીલગ્રિમેજ હોસ્પિટાલિટી ક્ષેત્રે પ્રવેશવાનો નિર્ણય કર્યો છે. આપણા દેશમાં સામાજિક હેતુ માટે પ્રવાસ બાદ યાત્રા માટેના પ્રવાસીઓની સંખ્યા સૌથી વધુ છે. શ્રી પબુભા માણેક પરિવાર સાથે અમારૂં સંયુકત સાહસ ગુજરાતમાં સૌપ્રથમ પીલગ્રીમ હોટેલ ચેઈન સ્વરૂપે અમારી સ્થિતિ વધુ મજબુત બનાવવા તરફનું એક પગલું છે. આ જોડાણ અમને આ ક્ષેત્રમાં નિપુણ અને વ્યાપક અનુભવ ધરાવતા સ્થાનિક ઉદ્યોગ જૂથ સાથે જોડાવાની તક પૂરી પાડે છે. આ અનુભવ અમને ગુજરાત અને ભારતમાં પીલગ્રીમ ટુરિઝમ અને હોસ્પિટાલિટી ઉદ્યોગમાં નવા પરિમાણો રજૂ કરવાની તક પૂરી પાડશે.(૮.૧૪)